# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.ન.મા-૨/૨૦૨૫ 12613 તા.૦૪/૧૧/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત, જિ.સુરત

વિષય:- સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૫ ઉજવણી બાબત.
સંદર્ભ:- પોલીસ ઇન્સ્પેક્ટર, સુરત શહેર એ.સી.બી.પો.સ્ટે.ની કચેરી, નાનપુર, સુરતનો પત્ર ક્રમાંક નં.૧૩૨૯/૨૦૨૫ તા: ૨૪/૧૦/૨૦૨૫

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સુરત શહેર એ.સી.બી.અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરતના સંયુકત ઉપક્રમે કેન્દ્રીય તકેદારી આયોગ દ્વારા તા.૨૭/૧૦/૨૦૨૫ થી તા.૦૨/૧૧/૨૦૨૫ સુધી “સતર્કતા : આપણી સહિયારી જવાબદારી” થીમ આધારિત સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૫ની ઉજવણી કરવા માટે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા તા.૦૬/૧૧/૨૦૨૫ થી તા. ૧૦/૧૧/૨૦૨૫ના સમયગાળા દરમિયાન ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં દરેક માધ્યમના વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા યોજવાનું શાળાકક્ષાએ નકકી કરેલ છે.

આ સ્પર્ધાઓ શાળા કક્ષાએ તા.૦૬/૧૧/૨૦૨૫ થી તા. ૧૦/૧૧/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવી શાળા કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા થયેલ વિદ્યાર્થીઓની યાદી તા.૧૧/૧૧/૨૦૨૫ના રોજ **SVS** કક્ષાએ મોકલી આપવી.તા.૧૨/૧૧/૨૦૨૫ના રોજ **SVS** કક્ષાએ સ્પર્ધા પૂર્ણ કરવાની રહેશે. **SVS** કક્ષાએ પ્રથમ ત્રણ વિજેતાઓને તા.૧૪/૧૧/૨૦૨૫ના રોજ નીચે જણાવેલ સ્થળ અને સમયે હાજર રાખવાના રહેશે.

**SVS કક્ષાની સ્પર્ધાનું સ્થળ અને સમય**

૧. **SVS -1 થી 9** વી.ડી.ટી.ગર્લ્સ હાઇસ્કૂલ, અઠવાલાઇન્સ, સુરત સમય : ૧૧: ૦૦ સવારે
૨. **SVS – 10 થી 14** કે.વી.કો.હાઇસ્કૂલ, કામરેજ સમય : ૧૧ : ૦૦ સવારે

**સ્પર્ધાના વિષયો**

**૧.વકતૃત્વ સ્પર્ધા : વિષય ૧. જાગૃતતા, પારદર્શિતા, પ્રમાણિકતા મારી નજરે**
**૨.હું એક પ્રામાણિક અધિકારી તરીકે**

**૨.નિબંધ સ્પર્ધા : વિષય ૧.ભ્રષ્ટ્રાચાર –દેશના વિકાસને અવરોધક પરિબળ.**
**૨.જાગૃત નાગરિક-વિકસિત દેશ**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત